# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / ૫૧૪ તા. 21 OCT 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
કછટીયા રમેશભાઈ ઝીણાભાઈ C/O. કિશોરભાઈ એચ.નથવાણી
અવંતિકા કોમ્પ્લેક્ષ,વિંગ-બી,
ઓફિસ નં. ૪ અને ૫-એ, બીજો માળ,લીમડા લેન
જી. :જામનગર, પીનકોડ : ૩૬૧૦૦૧ મોબાઈલ : ૮૦૦૦૧૧૧૬૮૭

**વિષય :** કલમ ૧૨૬ ની પુરવણી બિલ તથા ૫૦ % રકમ બાબત.

**સંદર્ભે :** કછટીયા રમેશભાઈ ઝીણાભાઈ C/O. કિશોરભાઈ એચ.નથવાણી ની રજુઆત તારીખ: ૦૩.૦૬.૨૦૨૨

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ખંભાળિયા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાળિયા ગ્રામ્ય

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૫૨૪ તા. 2 OCT 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી કછટીયા રમેશભાઈ ઝીણાભાઈ C/O. કિશોરભાઈ એચ.નથવાણી ગામ – જામનગર
સબડીવીઝન: ખંભાળિયા ગ્રામ્ય

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળિયા

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ
૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર
તારીખ: મંગળવાર (૨૭-૦૯-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૯-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા અને અરજદાર પક્ષકાર હાજર રહેલ ન હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સદરહુ જોડાણ કે જેના ગ્રાહક નં. ૩૩૦૭૦/૦૧૦૪૯/૦ ના પુરવણી બિલ ની રકમ ના હંગામી આકારણી ની ૫૦ % રકમ ભરી આપેલ છે આર.સી. ચાર્જ ભરેલ છે. આખરી આકારણી આપેલ નથી છતાં જોડાણ કપાવી નાખી લાઈટ થી વંચિત કરેલ છે. તો આર.સી. આપશો અન્યથા ઝોન ઓફિસ ની આંતરિક અપીલ ઓથોરિટી સમક્ષ આધાર મોકલી છે. રાજકોટ ઝોનલ ઓફિસ માં મોકલી આપી છે. સંઘર્ષ દૂર કરશો ગ્રાહક ને મજબૂરીમાં જીવન

વિતારવા સંજોગો ઊભા ન કરો. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર રમેશભાઈ ઝીણા કછટિયા પીજીવીસીએલ ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા હેઠળ બજાણા મુકામે ગ્રાહક નંબર 33070010490 થી RGPR નું વીજ જોડાણ ધરાવે છે. પૂરવણી બિલ ની રકમ ના હંગામી આકારણી ના 50 % રકમ તથા રી કનેકસન ચાર્જ ભરી આપેલ છે છટ જોડાણ કપાત રાખી લાઇટ થી વંચિત રાખેલ હોય ઉક્ત ફરિયાદ કરેલ છે.

3.૧ આ સાથે સામેલ ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા ના પત્ર નંબર. કેઆરએસડી/૨૩૫૧ તારીખ ૦૧.૦૭.૨૦૨૨ મુજબ

• સૌ પ્રથમ પીજીવીસીએલ ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા રમેશભાઈ ઝીણા કછટિયા ગ્રાહક નંબર 33070010490 માટે કોઈ જ પૂરવણી બિલ આપેલ નથી

• આર કે હાડા ઈલે. આસિ. ની તારીખ 15.05.2022 ની રજૂઆત મુજબ 11 કેવી બજાણા ફિડર ફોલ્ટ માં હોય સાથી કર્મચારી સાથે પાવર રિસ્ટોર કરવા ની કમગીરી માટે નીકળેલ.

• ફોલ્ટ રીપેરીંગ દરમિયાન ત્રણેય ફેસ અર્થ કરેલ હોવા છતા જેર્ક લાગતાં ઓફિસ ને જાણ કરેલ.

• સદર બનાવ ના અનુસંધા ને તારીખ 16.05.2022 ના રોજ શ્રી રમેશભાઈ જીણાભાઈ કછટિયા કે જેઓ તેના વાડી વિસ્તારમાં રહેલા મકાનમાં એક વિજ જોડાણ કે જે તેમના જ ઘરમાં આવેલ હોય જેમાં જે માં ૧૧ કેવી બજાણા એજી ફિડરનો પાવર સપ્લાય આવે છે. તેઓના વિજ જોડાણ સાથે એક ચેન્જ ઓવર સ્વિચ લગાવેલ છે. જેમાં એક બાજુ ૧૧ કેવી બજાણાં ખેતીવાડી ફીડરનો પાવર જોડેલ છે. અને ચેન્જ ઓવર સ્વિચનાં બીજા બાજુ શ્રી કરશન જીણા કછટિયાના વીજ જોડાણમાંથી 300 મીટર જેટલો આશરે કેબલ લંબાવી૧૧ કેવી ધરમપુર એજી ફિડરનો પાવર જોડેલ છે. સદર ચેન્જ ઓવર સ્વિચના લોડ સાઈડથી વીજ વપરાશ થઈ શકે એવી ગોઠવણ કરી રાખેલ છે. સદર બાબત નું જુનીયર ઇજનેર શ્રી એમ આર પટેલ તથા અન્ય સહ કર્મચારી નું તારીખ 16.05.2022 નું સ્થળ રોજકામ રોજકામ રજૂ છે.

• જેથી (1) રમેશભાઈ ઝીણા કછટિયા નું RGPR નું ગ્રાહક નંબર 33070010490 વાળું વીજ જોડાણ (2) કરસન જીના કછટિયા નું RGPR ગ્રાહક નંબર 33070001483 અને (3) હરજી જીણા કછટિયા નું RGPR નું ગ્રાહક નંબર 33070010512 ના ત્રણેય વીજ જોડાણ તારીખ 16.0.2022 ના રોજ કાપેલ છે.

• આમ શ્રી રમેશભાઈ જીણાભાઈ કછટિયા દ્વારા બે ફીડર નો પાવર વાપરી શકાય તેવી ગેરકાયદેસરની વ્યવસ્થા ઊભી કરી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ની વિજ લાઇન સાથે ચેડાં કરી વિજલાઇન પર કામ કરતાં કર્મચારીને વિજ શોક લાગે અને અકસ્માતનો ભોગ બને એવું કૃત્ય કરેલ હોય તેમજ બે પાવર ભેગા થઈ શકે એવી વ્યવસ્થા પૂરી પાડે ગુન્હામાં મદદગારી કરેલ હોય બને શખ્સો રમેશ જીણા કછટિયા અને પરેશ કરસન કછટિયા વિરુદ્ધ વિજ નાયબ ઇજનેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર કેઆરએડી /ટેક/1919 તારીખ 31.05.2022 થી પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

• કરસન જીણા  કછટિયા નું RGPR ગ્રાહક નંબર 33070001483 ના વીજ જોડાણ નું તારીખ 16.05.2022 ના રોજ ચેકિંગ કરવામાં આવેલ અને તારીખ 17.05.2022 ના રોજ રૂ. 72000/- નું કલામ 126 હેઠળ પુરવણી બિલ આપવામાં આવેલ જે હાલ પેન્ડિંગ છે.

• વધુમાં ગ્રાહક શ્રી રમેશ જીણા કછટીયા દ્વારા (કે જેને પાવર ચોરી નું બિલ આપલે નથી) તારીખ:-૦૩.૦૬.૨૦૨૨ નાં રોજ રૂપિયા ૩૯૧૦૦ નો ચેક કુરિયર મારફતે ગ્રાહક નંબર 33070010490 ખાતે વીજ બીલ ભરવા માટે મોકલેલ જે પેટા વિભાગીય કચેરી દ્વારા પહોચ નંબર 210462 તારીખ 30.05.2022 થી સ્વીકારી અને તારીખ:-૦૪.૦૬.૨૦૨૨ નાં રોજ તેના પ્રીતિનીધી શ્રી કિશોરભાઈ રમેશભાઈ જીણા ને રૂબરૂ આપેલ છે.

• આમ રમેશભાઈ ઝીણા કછટિયા દ્વારા ભરપાઈ થયેલ રકમ તેમના જ ખાતા માં જમા થયેલ છે.

વીજ જોડાણ કપાત થયેલ છે તે વીજ કર્મચારી દ્વારા લાઇન કામ કરતી વખતે અકસ્માત ન થાય તે હેતુ સલામતી સબબ કપાત કરેલ છે.

• ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા પત્ર નંબર કે આર એસ ડી/ ટેક/2472 તારીખ 14.06.2022 થી ફરીથી વીજ જોડાણ ચાલુ કરવા માટે રી વાયરિંગ નો અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ નામદાર જીઈઆરસી ના પ્રવર્તમાન નોટિફિકેશન નં. ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં.૨.૩૦ (૨) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના-ગેરરીતી અન્વયે અપાયેલ પુરવણી બિલ સબબ કેસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય,આ બાબતે અત્રે તરફ થી વિશેષ કાઈ કરવાનું રહેતું ન હોવાથી,અત્રે ના ફોરમ તરફ થી આપશ્રી તરફ થી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબ ની ફરિયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના

સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧